**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૧ ટકા

# સ્પર્ધાત્મક પરીક્ષાઓના પુસ્તકો વેચવાનો ધંધો ધમધોકાર

## એક જ વિષયના પુસ્તકોના ભાવમાં અલગ-અલગ કિંમતો : પરીક્ષાર્થીઓને આર્થિક સંકટમાં ધકેલતો આ ધંધો : જો કે પરીક્ષાઓમાં માંડ ગણતરીના જ પ્રશ્નો આવે છે, સંચાલકો અને પુસ્તકાલયોનો વ્યવસાય તેજીમાં



ગાંધીનગર, તા.૨૩

સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવા માટે પરીક્ષાર્થીઓ રાત-દિવસ અથાગ મહેનત કરી રહ્યા છે અઢળક પુસ્તકો વાંચી રહ્યા છે. મોબાઈલમાં જાત-જાતનું નોલેજ મેળવીને પોતાના જ્ઞાનમાં વધારો કરવાનો ખૂબ પ્રયાસ કરે છે આ પરીક્ષાર્થીઓ. પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પ્રશ્નપત્રોમાં પૂછાતા પ્રશ્નો પરીક્ષાર્થીઓને ગોથે ચઢાવી દે તેવા જ પૂછાતા હોય છે. પુસ્તકાલયોમાં મળતા વિવિધ પ્રકારના પાઠ્યપુસ્તકોમાંથી થોડા ઘણા જ ગણતરી માત્ર જ પ્રશ્નો પૂછાતા રહે છે. મોટાભાગના પ્રશ્નો તો આ પુસ્તકોની બહારના જ જોવા મળતા હોય છે. ત્યારે આ પાઠ્યપુસ્તકોનો ભંડાર એકઠો કરીને પુસ્તકાલયોવાળા વેપારીઓએ પોતાનો વ્યવસાય કરી મુક્યો છે તે વિચારવા જેવું ખરૂ !

પરીક્ષાર્થીઓને મોંઘા મોંઘા પુસ્તકો ખરીદવા મજબૂર કરતા આ પરીક્ષાઓના કોર્ષ અને દર વર્ષે નવા નવા પુસ્તકો ઉમેરાવાથી પરીક્ષાર્થીઓને આર્થીક ફટકો પડે છે. મોંઘવારી વધવાથી પુસ્તકોના ભાવ પણ વધારી મુક્યા છે. એક જ વિષયમાં મળતા પુસ્તકોના ભાવ અલગ-અલગ છે. જેમાં કન્ટેન સેમ જ જોવા મળે છે. ક્લાસીસવાળા સંચાલોકએ આ પુસ્તકો નિર્માણ કરી કરીને એક પ્રકારના વ્યવસાય બનાવી મુક્યો છે. જેમાં પરીક્ષાર્થીઓ વિચાર સુદ્ધા કરી શકતા નથી કે કયા પુસ્તકોમાંથી વાંચવુ જેમાંથી પરીક્ષાઓમાં પ્રશ્નો આવશે. કારણ કે સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્લાસીસ કરાવતા હોય ત્યાં પણ અલગ મટરીયલ આપવામાં આવે છે. પુસ્તકાલયોમાં અલગ પ્રકારના મટરીયલ મળે છે. પરીક્ષાર્થીઓ પુસ્તકો લઈ લઈને લાયબ્રેરી બનાવી દે છે તેમ છતાં આ બધા પુસ્તકો વાંચ્યા બાદ પણ પરીક્ષાર્થી પાસ ન થઈ શકે તેવા હાલ છે. જેમાં સંચાલકો અને પુસ્તકાલયોવાળા કમાણી કરી રહ્યા છે. સંચાલકો મટરીયલના વધારાના પૈસા ઉઘરાવતા રહે છે. મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ આર્થિક રીતે પણ ભાંગી પડે છે. આટલી હદે શિક્ષણને એક ધંધો બનાવી દેવાયો છે. હવે તો યુટ્યુબ અને ઓનલાઈન એપ્લીકેશનમાં ઓનલાઈન ક્લાસીસ ધમધમી રહ્યા છે. જેમાં સબસ્ક્રાઈબ કરીને ઓનલાઈન ક્લાસ જોઈન કરવાના પૈસા લેવામાં આવે છે. કોરોના સમયગાળામાં ઓનલાઈન ક્લાસ વધારે પડતા ટ્રેડીંગમાં ચાલ્યા છે. હવે ઓફલાઈન ક્લાસીસ શરૂ થઈ જતા તેનું માર્કેટ ડાઉન થયુ છે.

આમ તો સંચાલકો ફીમાં જે તે પરીક્ષાઓનું મટરીયલ મુકતા હતા પરંતુ હવે આ તમામ પરીક્ષાલક્ષી વાંચન માટે ચાર્જ વસુલવામાં આવી રહ્યો છે. પુસ્તકાલયોમાં મળતા પુસ્તકોમાં દરેક સંચાલકોના પુસ્તકો જોવા મળે છે. જેમાં મનફાવે તેમ પૈસા ઉઘરાવવામાં આવે છે. ૫૦૦ થી ૨૦૦૦ રૂ.ના પુસ્તકો પરીક્ષાર્થીઓને ખરીદવા પડતા હોય છે. જેમાં કોઈ પણ પ્રકારની ગેરન્ટી જેવું હોતુ નથી. પણ મસમોટા શબ્દોમાં લખાણ છાપી દેવાય છે કે આ પુસ્તક આ પરીક્ષા માટે ઉપયોગી રહેશે. આમાંથી જ પ્રશ્નો પૂછાશે વિગેરે. પરંતુ આ વેપલો પરીક્ષાર્થીઓને આર્થિક સંકટમાં મુકે તેવો છે. કમાણી કરવાવાળા કમાણી જ કરી રહ્યા છે અને પરીક્ષાર્થીને તેમની જાળમાં ફસાવતા રહેવાના ધંધા થઈ રહ્યા છે.

## જન્મદિને વધામણી



રાજેન્દ્ર આર પારેખ
મો. ૯૨૨૮૧ ૬૧૨૩૬



મીરા અલ્પેશકુમાર પ્રજાપતિ



ઉમંગ રમેશભાઈ પરમાર
મો. ૯૫૭૪૮ ૨૪૩૦૮



પ્રેમલ શૈલેષકુમાર ઠાકોર
મો. ૮૩૪૭૮ ૭૦૮૫૪



અર્ચન આશિષ ઠાકર




શ્રીમાળી અલ્પેશકુમાર બી
મો. ૯૬૮૭૧ ૨૭૭૯૮



મીત
મો. ૯૮૨૪૮ ૫૬૬૯૦



ધૈર્ય રીતેષ સુખડિયા



હર્ષ પુરોહિત
મો. ૬૩૫૪૫ ૬૭૪૨૯

# બી.બી.એ કોલેજનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓને આવકારવા "પ્રારંભ" કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ) કોલેજમાં સતત ૨૪મી બેચ માં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનું સ્વાગત કાર્યક્રમનું આયોજન થયુ હતું.જેમાં કોલેજ છેલ્લા ૨૪વર્ષથી વિદ્યાર્થીઓને મેનેજમેન્ટની સાથે-સાથે દરેક ક્ષેત્રમાં તૈયાર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેમજ તેમનામાં રહેલી આંતરિક શક્તિને ખીલવવા તેમજ તેનો ઉપયોગ તેમના વ્યવસાયિક તેમજ સામાજિક જીવનમાં સફળ બનવા ઉપયોગ કરી શકાય. તે બાબતે કોલેજ તરફથી સતત તાલીમ આપવા માટે યોગ્ય રીતે પ્રયત્ન કરવામાં આવે છે.કોલેજના આચાર્ય ડો.રમાકાંતપૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સર્વવિદ્યાલય કેળવણીમંડળ,યુનિવર્સીટી,તેમજ કોલેજનો તલસ્પર્શી પરિચય આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ઉત્સાહિત કર્યા હતા. ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા કાર્યક્રમ બાબતે સંકલન કર્યુ હતું. ડો.નીરવ જોશી કાર્યક્રમ ના ઈન્ચાર્જ તરીકે જવાબદારી નિભાવી હતી. સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓને ફક્ત નાચ-ગાન તેમજ આનંદ-પ્રમોદ મળે તેવી બાબતો ને પ્રાધાન્ય ન આપતા વિદ્યાર્થીઓનો સર્વગ્રાહી વિકાસ થાય તેવા કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ વિવિધ રજૂઆતમાં ડાન્સિંગ, સિંગિંગ, એક્ટિંગ, એન્કરીંગ, મ્યુઝીકલ ઈન્સટુમેંટ, ફોટોગ્રાફી, રંગોળી, કૂકિંગ તેમજ વેરાઈટી પર્ફોર્મન્સમાં વિદ્યાર્થીઓએ પોતાની સખત મહેનતથી સુંદર કલાનાં દર્શન શ્રોતાઓને કરાવ્યા હતા. પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે "મી.પ્રારંભ" તેમજ "મિસ.પ્રારંભ" તરીકે પસંદગી પામી પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફી મેળવી હતી. જે અંતર્ગત પ્રથમ વર્ષનાં કું.ને મિસ પ્રારંભ તેમજ વિશ્વરાજસિંહ જાડેજાને મી પ્રારંભ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. આજના કાર્યક્રમમાં કોલેજના ૬૨૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ૨૦ વોલીયંટર્સ દ્વારા પ્રશંસનીય કાર્ય કરવા માં આવી હતી. પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન માટે પુરસ્કૃત કરવા માં આવ્યા હતા.સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડો.વર્ષાબેન પારેખ જેઓ (એમ.બી.પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ) તેમજ પ્રો.રાકેશ ભટ્ટ(એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ) દ્વારા પ્રશંસનીય સેવા આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના વાલીગણ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ કોલેજના સમગ્ર આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના ઈવેન્ટ ઈન્ચાર્જ ડો.નીરવ જોશી સહીત કોલેજ પરિવાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.



# ઈન્ફોસીટી જુનિયર સ્કૂલમાં ફ્રૂટ એન્ડ વેજીટેબલ ડે ની ઉજવણી



ઈન્ફોસીટી જુનિયર સ્કૂલમાં બાળકોએ 'ફ્રૂટ એન્ડ વેજીટેબલ ડે'ની ઉજવણી કરી હતી. શિક્ષકોએ વિદ્યાર્થીઓને ફળો અને શાકભાજી વિશે માહિતગાર કર્યા હતા.

# એસ. વી. શાળામાં 'ગ્રીન ડે'ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૩

એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં તા-૨૩ જુલાઈના રોજ 'ગ્રીન ડે' ઉજવવામાં આવ્યો હતો, જે અંતર્ગત નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકો ગ્રીન કલરના ડ્રેસ પહેરીને તથા ગ્રીન કલરની વસ્તુઓ જેવીકે રમકડાં, ફલાવર, બેગ, લંચબોક્સ, કંપાસ લઈને શાળાએ આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને ગ્રીન કલરના વિવિધ શેડ વિષે માહિતી આપી, ફિંગર પ્રિંટની એક્ટિવિટી કરાવી હતી. આ સાથે બાળકોએ શાળા દ્વારા આપવામાં આવેલા પ્રોજેકટ 'સેવ ધ અર્થ' અંતર્ગત પોતાના ઘરના પ્રાંગણમાં અને ફલેટની બાલ્કનીમાં પરિવાર સાથે મળીને વૃક્ષારોપણ કરી, લોકોમાં જાગૃતિ ફેલાવી, સેવ ધ અર્થ નો એક સુંદર સંદેશ સમાજમાં વહેતો મૂક્યો હતો. વાલીમિત્રોનું પ્રદાન અને ઉત્સાહ નોંધનીય રહ્યા હતા.

## લાયન્સ ક્લબ, ગાંધીનગરના સહયોગથી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ઈકો ક્લબ દ્વારા મચ્છર સંવર્ધન જાગૃતિ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૩

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં લાયન્સ ક્લબ, ગાંધીનગરના સહયોગથી ઈકો ક્લબ દ્વારા મચ્છર સંવર્ધન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં લાયન્સ ક્લબના ડિમ્પલ દેસાઈ અને તેમના ગ્રુપે કાર્યક્રમનું સંકલન કર્યુ હતું. જેમાં ચોમાસાની ઋતુમાં ફેલાતા મચ્છર થી કઈ રીતે બચી શકાય અને તે માટે જાગૃતિ ફેલાવવા માટે આ સુંદર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન સફાઈ કરાવી અને દરેક જગ્યાએ મચ્છરોથી બચવા દવાઓનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો. દરેક વિદ્યાર્થીઓને ખૂબ જ સારી રીતે જાણકારી આપવામાં આવી હતી. વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના ઈકો ક્લબ ઈન્ચાર્જ મૈત્રી મેમ અને આરુષિ મેમ દ્વારા આ કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

# જીઆઈપીએસમાં પદગ્રહણ સમારંભનું આયોજન




ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં તા-૨૩/૦૭/૨૦૨૨ને શનિવારના રોજ ઈન્વેસટીચર સેરેમની એટલે કે પદ ગ્રહણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં ૨૦૨૨-૨૩ ના કાઉન્સીલ લીડરની નિયુક્તિ કરવામાં આવી હતી. જેમાં બાળકોના વાલીગણના વરદ હસ્તે વિદ્યાર્થીઓને બેચીસ આપવામાં આવ્યા હતા. શાળાના ટ્રસ્ટ્રીશ્રીએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું તથા ડાયરેક્ટરે પણ શાળાના પ્રભુત્વ માટે નવા કાઉન્સીલ લીડર્સને આર્શીવચનો આપ્યા હતા.

# સેક્ટર-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન

બે વર્ષની ભવ્ય સફળતા તેમજ ત્રીજા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે મિલાપ ટાટારિઆ દ્વારા આયોજિત અને ડૉ. નિધિ ફિઝિયો વર્લ્ડનાં સહયોગથી સેક્ટર-૨૧ ખાતે ફિઝિયોથેરાપી કેમ્પનું નિઃશુલ્ક આયોજન આગામી ૨૫મી જુલાઈ નાં રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. કેમ્પનાં દિવસે સ્પોર્ટ્સ ફિઝિયો થેરાપીસ્ટનાં જાણીતાં નિષ્ણાંત ડૉક્ટર નિધિ લેકિનવાલા દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે સાથે ડૉ. નવનીત ઝાલા અને ડૉ. મેધાવી પટેલ વિશેષ સહભાગી રહેશે. ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષ નેતા અંકિત બારોટ વિશેષ ઉપસ્થિત રહેશે. આ કેમ્પમાં ગરદન, કમર, ખભા તેમજ ઘૂંટણનાં દુઃખાવા, રમત-ગમત દરમિયાન થતી ઈજાઓ અને તેનાં પછીની સારવાર, ફરતો વા, સાંધામાં ઘસારાની સારવાર વગેરે... અદ્યતન મશીનોની મદદથી પ્રેક્ટીકલી સારવાર આપવામાં આવશે. આ નિઃશુલ્ક કેમ્પમાં લાભ લેવા અને રજિસ્ટ્રેશન કરવા માટે ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૫૭૫૦૨૪૨૩૨ પર નામ નોંધાવી લેવા તેમ મિલાપ ટાટારિઆ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# ધો.૧૦ અને ૧૨માં દિલ્હી પબ્લિક સ્કૂલનાં તેજસ્વી તારલાઓ ઝળક્યા



ગાંધીનગર, તા.૨૩

સીબીએસઈ દ્વારા તા.૨૨.૦૭.૨૨ના રોજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ-ગાંધીનગર ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરીને ગર્વની લાગણી અનુભવી છે. ધોરણ-૧૦નાં ત્રણ વિદ્યાર્થી અનિકેત, કૌશેશ, શ્રેષ્ઠા લેહરી અને કુશાગ્ર મહેશ્વરીએ ૯૯% ગુણાંક પ્રાપ્ત કર્યા છે અને ધોરણ-૧૨નાં વિજ્ઞાનપ્રવાહમાં સાક્ષીરાવ ૯૮.૬% ગુણાંક મેળવ્યા જયારે વાણિજ્ય પ્રવાહમાં સિદ્ધાર્થસિંહ શેખાવત ૯૫.૬% ગુણાંક મેળવી શાળામાં પ્રથમસ્થાન પ્રાપ્ત કર્યુ છે. દિલ્હી પબ્લિક સ્કુલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓના ઉત્તમ પ્રદર્શન બદલ મેનેજમેન્ટ, પ્રિન્સીપાલ અને શિક્ષકો દ્વારા બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ભાવસાર વસુબેન કાંતિલાલ ઉ.વ.૮૫, સેકટર-૨૨
- સ્વ.રાજારામસિંહ માતાદિનસિંહ ઉ.વ.૭૪, સેકટર-૩૦